# <u>લુટન (Luton)</u>

## ચિલ્ડ્રન્સ સેન્ટરનો રિડિઝાઈન કરેલો પરામર્શ દસ્તાવેજ

**પરિચય**

લુટનમાં અમે અમારા માટે મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કર્યું છે કે, 2040 સુધીમાં કોઈ પણ વ્યક્તિ ગરીબીમાં જીવતો ન હોવો જોઈએ. આજે શહેરોએ જે સૌથી મોટા પડકારોનો સામનો કરવો પડે છે તેમાંથી કેટલાકના મૂળમાં ગરીબી જ છે, માટે અમે જે પણ કરીએ છીએ તેના હાર્દમાં આ પરિદૃશ્ય રહેલું છે. અમે આ દિશામાં પગલાંરૂપે ટાઉન સેન્ટરનું પરિવર્તન કરવા ઉપરાંત રોજગારનું સર્જન કરવા અને સમુદાયની આકાંક્ષાઓને ઉચ્ચ બનાવવામાં મદદરૂપ થઈએ છીએ. લુટન્સ ચિલ્ડ્રન ફેમિલીઝ એન્ડ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ લુટન 2040 પરત્વે કાર્યરત રહેવા કટિબદ્ધ છે. અમારું માનવું છે કે બધા બાળકોને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવા અને ગુણવત્તાસભર જીવન પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

કાઉન્સિલ તરીકે અમે અમારા મૂલ્યોને આત્મસાત કરીએ છીએ:

સહકારાત્મક, મહત્ત્વાકાંક્ષી, આદરપૂર્ણ, સશક્તિકૃત અને સહાયક.

લુટનમાં અમે કેવી રીતે બાળકો, યુવા લોકો અને પરિવારોને મદદ કરીએ છીએ તે કેન્દ્રસ્થાને છે. અમારું માનવું છે કે, સાથે મળીને સાંભળીને, સમજીને અને સેવાઓની ડિઝાઈન તૈયાર કરીને અને કોઈ પણ જાતના પૂર્વનિર્ણય વિના કામ કરીને, આપણે એ લોકો માટે શ્રેષ્ઠ સંભવિત પરિણામો સુનિશ્ચિત કરી શકીએ છીએ જેમને આપણી સહાયની જરૂર છે.

2020-2021 માટે સમતુલિત બજેટ સુનિશ્ચિત કરવા લુટન કાઉન્સિલે £22 મિલિયનની સમગ્ કાઉન્સિલમાં બચત કરવી પડશે. ઈમરજન્સી બજેટને સહાયભૂત થવા ચિલ્ડ્રન્સ સર્વિસીઝ કાઉન્સિલે £3.2 મિલિયનની બચત કરવી પડશે. આપણે વૈધાનિક સેવાઓ પરની અસરને લઘુતમ બનાવીએ તે સુનિશ્ચિત કરવા, અમે અમારી ચાર બિન-વૈધાનિક બાળ સેવાઓ, ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર્સ, અર્લી હેલ્પ, ફ્રેશ સ્ટાર્ટ અને મેનર કોન્ટેક્ટ સેન્ટરને સાથે ભેળવીને એક એકીકૃત પરિવાર સંસાધન સેવામાં તબદિલ કરવાનો પ્રસ્તાવ ધરાવીએ છીએ. જે પરિવારોને અમારી સહાયની સૌથી વધુ જરૂર છે તેમના માટે આ સેવાઓ કામ કરે તેની પર અમે પુનઃધ્યાન કેન્દ્રિત કરીશું.

ઈમરજન્સી બજેટ વિશેની વધુ માહિતી ઉપલબ્ધ છે અમારી વેબસાઈટ પર:

https://democracy.luton.gov.uk/cmis5public/Meetings/tabid/70/ctl/ViewMeetingPublic/mid/397/Meeting/5727/Committee/1114/Default.aspx

**ચિલ્ડ્રન્સ સેન્ટર શું છે?**

ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર્સ હાલ ગર્ભવતી મહિલા હોય તેવા પરિવારોને બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી સહાય કરે છે. તેઓ સ્થાનિક દાયણો, જનરલ પ્રેક્ટિશનર (GP), હેલ્થ વિઝિસર્સ, નર્સરી અને સામુદાયિક જૂથો સાથે કામ કરીને સુનિશ્ચિત કરે છે કે પરિવારોને જરૂરી સહાય પ્રાપ્ત થાય.

**લુટનની ફ્લાઈંગ સ્ટાર્ટ સેવા**

ફ્લાઈંગ સ્ટાર્ટનું પરિદૃશ્ય ભાવિ પેઢીઓ માટે લુટનમાં ગર્ભાવસ્થાથી માંડીને પાંચ વર્ષની વય સુધીના બાળકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન અને આપણા યુવા બાળકોના જીવનને તકો પૂરી પાડવાનો છે. આમ કરવા માટે તમામ સેવાઓ સાથે મળીને બાળકો અને પરિવારો માટે પરિણામલક્ષી કામગીરી કરીને, તેમજ માતા-પિતા અને સમુદાયની આગેવાનીમાં નિર્ણયો લેવા એ આ પ્રક્રિયાનું હાર્દ છે. અમારા ચાવીરૂપ ભાગીદારો અને અમારા ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર્સ સાથે નિકટતાપૂર્ણ કામગીરી કરીને, અમે સંશોધન આધારિત સેવાઓ અને પ્રવૃત્તિઓની રેન્જ પૂરી પાડીએ છીએ. ઉચ્ચ તાલીમબદ્ધ ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર ફેમિલી વર્કર્સ વ્યાવસાયિકોની સાથે કામ કરીને શક્ય હોય ત્યાં જરૂરિયાતોને અટકાવવા પર વધુ ધ્યાન આપવા ઉપરાંત આ જરૂરિયાતો વધતી ન જાય તે માટે વહેલો હસ્તક્ષેપ ન કરવા પર ધ્યાન આપે છે.

**વહેલી મદદ**

બાળકો અને પરિવારો માટેની વહેલી મદદથી શરૂઆતમાં જ સહાય પૂરી પડાય છે, જ્યારે પણ કોઈ સમસ્યા ઊભી થાય કે તુરત અથવા તે પહેલાં, એવા તબક્કે કે જ્યારે બાળક ગર્ભસ્થ હોય, જન્મ પછી અને તરુણાવસ્થા સુધી. વહેલી મદદ અંતર્ગત એજન્સીઓ સાથે મળીને યોગ્ય સમયે અને સેવાના યોગ્ય સ્તરે હસ્તક્ષેપ કરીને જરૂરિયાતોને વધતી અટકાવે છે. આ પાછળનો ઉદ્દેશ બાળ રક્ષણ તેમજ સઘન શારીરિક અને માનસિક વિકાસની સેવાઓ જેવા નિષ્ણાતોના હસ્તક્ષેપ માટેની જરૂરિયાતોને રોકવા અથવા ઘટાડવાનો છે.

**ફ્રેશ સ્ટાર્ટ**

ફ્રેશ સ્ટાર્ટ એવી મહિલાઓ સાથે કામ કરે છે કે જેમણે બાળકોને તેમની કાળજીમાંથી હટાવાયા હોય તેનો અનુભવ કર્યો હોય અથવા ફરીથી દૂર કરાવાના જોખમે હોય. તે પાછળનો ઉદ્દેશ આ ચક્રને તોડીને

મહિલાને નવા કૌશલ્યો વિકસાવવા તેમજ એવા પ્રત્યુત્તરોની તક પૂરી પાડવાનો છે જેનાથી તેઓને વધુ હકારાત્મક રક્ષણની રચના કરવામાં મદદ મળે.

## મેનર કોન્ટેક્ટ સેન્ટર

મેનોર કોન્ટેક્ટ સેનટરમાંનો તાલીમબદ્ધ સ્ટાફ માતા-પિતાને સહાય, સલાહ અને માર્ગદર્શન પૂરું પાડે છે કે જેઓ નિરીક્ષણપૂર્ણ વાતાવરણમાં પોતાના વાલીપણાના કૌશલ્યને કેળવવા માટે સોશિયલ કેર સહાય મેળવવા માટે મોકળું મન ધરાવે છે.

## આપણે શા માટે પરામર્શ કરી રહ્યા છીએ?

નાણાકીય સાતત્યતા સુનિશ્ચિત કરવા અમે છેલ્લા ચાર વર્ષમાં નોંધપાત્ર બચતો કરી છે. અત્યારે આમેય પડકારરૂપ પરિસ્થિતિ છે જેને કોવિડ-19 (COVID-19) ની કટોકટીએ વધુ વણસાવી છે જેની કાઉન્સિલમાં સેવાઓ માટે ઉપલબ્ધ ફન્ડિંગ પર અસર પડી છે. તમામ સ્થાનિક સત્તાવાળાઓ સાથે અમારી પણ સમતુલિત બજેટ સાથે કાર્યરત રહેવાની કાનૂની ફરજ બને છે. અમારે કેટલાક આકરા નિર્ણયો કરવા પડ્યા છે. અમારે એ સુનિશ્ચિત કરવું પડ્યું છે કે અમે જે નાણાં ખર્ચીએ અને જે સંસાધનો ઉપલબ્ધ હોય તેનો અત્યંત અસરકારક રીતે ઉપયોગમાં લેવાય જેથી આપણા સમુદાયના સૌથી નબળા લોકોની જરૂરિયાતોને પરિપૂર્ણ કરી શકાય.

અમારા પ્રસ્તાવથી આપણા ચિલ્ડ્રન્સ સેન્ટર જે રીતે ચાલે છે તેમાં પરિવર્તન આવશે અને કેવી રીતે અને ક્યાંથી સેવાઓ પૂરી પડાય છે તેમાં ફેરફાર જોવા મળશે. આ પરિવર્તનોને “અમારા પ્રસ્તાવ” માં અને “શું અસર થઈ?” વિભાગોમાં નીચે નિર્ધારિત કરાયા છે. અમે એવા લોકો પાસેથી વાત સાંભળવા ઉત્સુક છીએ કે જેઓ અમારા ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર્સનો ઉપયોગ કરે છે જેથી સૂચિત ફેરફારોની કોઈ પણ સંભવિત અસરને સમજી શકીએ.

અમારો ઉદ્દેશ આ તકનો આપણા સમુદાયોની જરૂરિયાતો પર ફરી નજર કરવા અને એવી સેવા વિકસાવવાનો છે કે જે જરૂરિયાતમંદો સુધી પહોંચે અને એ સુનિશ્ચિત કરે કે આપણી પાસે અતુલ્ય સેવાઓ પૂરી પાડવા જરૂરી નિપૂણતાયુક્ત જ્ઞાન અને કૌશલ્ય છે.

## અમારા પ્રસ્તાવ

આ પ્રસ્તાવ સહાયનું એવું મોડેલ વિકસાવવાનો છે કે જે પરિવારોને પ્રવર્તમાન પરિવાર, મિત્રો અને સમુદાયના નેટવર્ક સુધી પહોંચ મેળવીને તેની પર નિર્માણ કરે. એ પાછળનો ઉદ્દેશ લોકોને શક્ય હોય ત્યાં તેમના પોતાના ઉકેલો અને ધ્યેયો જાતે મેળવતા સશક્ત કરવાનો છે. સૂચિત સેવા એવા પરિવારો

અને બાળકો માટે હશે કે જેમની વય સ્પેશિયલ એજ્યુકેશન નીડ્સ એન્ડ ઓર ડિસએબિલિટીઝ (SEND) ધરાવતા બાળકો માટે 0-19 અથવા 0-25 વચ્ચેની છે અને અત્યંત જટિલ અને નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે, અને આ સહાયનો જેમને સૌથી વધુ લાભ મળશે.

આ સેવા સુધી કોણ પહોંચ મેળવી શકે તે નિર્ધારિત કરવા અને તેમના માટે ખાસ સહાય પેકેજ તૈયાર કરવા રેફરલ અને મૂલ્યાંકન પ્રક્રિયાનો ઉપયોગ કરાશે - અથવા તેમને સામુદાયિક અથવા સ્વૈચ્છિક ક્ષેત્ર આધારિત સેવાઓ માટે અંકિત કરાશે.

અમે આવા પરિવારો માટે એકીકૃત સહાય સેવા પૂરી પાડીશું:
- બાળકોના આરંભિક વર્ષ
- સ્પેશિયલ એજ્યુકેશનલ નીડ્સ એન્ડ ડિસએબિલિટીઝ ધરાવતા બાળકો
- નિરીક્ષણયુક્ત સંપર્કની જરૂરિયાતવાળા બાળકો
- શાળાની-વયના બાળકો
- તરુણ બાળકો

આ હાંસલ કરવા, અમારો ઉદ્દેશ લતા કે વિસ્તાર આધારિત મલ્ટિ-ડિસિપ્લિનરી ફેમિલી રિસોર્સીઝ સર્વિસ વિકસાવવાનો છે કે જે જરૂરિયાતના આધારે વિભિન્ન પ્રકારની સહાયતાની રેન્જ પૂરી પાડે. આ માટેનો પ્રસ્તાવ એ છે કે અમારા પ્રેક્ટિશનર્સ નર્સરી, સ્કૂલો તથા અન્ય ચાવીરૂપ સેવાઓની સાથે નિકટતાની કામગીરીના સંબંધો કેળવીને 5 લતા અથવા વિસ્તારોમાંના સૌથી ખરાબ પરિસ્થિતિ ધરાવતા બાળકો અને પરિવારોને લક્ષ્યાંકિત અને માળખાગત સેવા પૂરી પાડે. સહાયતા બે રીતે પૂરી પડાશે જેમાં પહેલી રીત પ્રત્યક્ષ ધોરણે કોઈ એક હબમાં અથવા પરિવારના ઘરની અંદર જ કોઈ પરિવાર અથવા પરિવારજન સાથે પ્રત્યક્ષ રીતે કામગીરી હાથ ધરીને અને બીજી રીત કોઈ એક હબ ખાતે ગ્રુપ સેશન આયોજિત કરીને તેના દ્વારા સહાયતા આપવાની હશે.

અમે નીચેની જરૂરિયાતો ધરાવનારાને સહાયતા પૂરી પાડીએ છીએ:
- પૂરાવા આધારિત વાલીપણા કાર્યક્રમો (જેવા કે સ્ટ્રેન્થનિંગ ફેમિલીઝ, સ્ટ્રેન્થનિંગ કોમ્યુનિટીઝ, અને ઈન્ક્રેડિબલ યર્સ) અને વાલીપણાના મૂલ્યાંકનો (શિશુઓના વાલી બનવું, વિકલાંગતા ધરાતા બાળકોના વાલી બનવું, વાલીઓ વચ્ચેનું ઘર્ષણ ઘટાડવું)
- ઘરેલુ હિંસામાં હસ્તક્ષેપ અને આખા પરિવાર માટે સહાય
- સ્કૂલની તૈયારીમાં સહાય
- તમામ પરિવારજનોને જરૂર પડ્યે સામ-સામે અથવા ગ્રુપ સત્ર દ્વારા નશીલા દ્રવ્યોના દુરૂપયોગ અંગે માર્ગદર્શન, સલાહ અને સહાયતા
- પાલકગૃહ અથવા દત્તક લેવાની પ્રક્રિયા હેઠળના બાળકો અને યુવા લોકોને સહાયતા આપવા માટે લાઈફ સ્ટોરી વર્ક જેથી તેમની અંગત મુસાફરીની સમજ કેળવીને તેમને તેમના ભૂતકાળને એકીકૃત

કરીને, તેમને તેમના વર્તમાન વિશે સમજ કેળવવા તેમજ તેમના ભવિષ્ય માટેની ઓળખનો સ્પષ્ટ ખ્યાલ આપવા સક્ષમ બનાવવા

- યુવા કાળજી રાખનારા અને તેમના પરિવારો માટે વ્યક્તિગત સહાયતા.
- જરૂરિયાતવાળા તમામ પરિવારજનો માટે સામ-સામે અથવા ગ્રુપ સત્ર દ્વારા માનસિક આરોગ્ય અને સ્વાવલંબી સહાયતા
- તરુણાવસ્થામાં ઘરવિહોણા થતા રોકવા વ્યક્તિગત સહાયતા
- જાહેર ફંડ સુધી પહોંચ ન ધરાવતા પરિવારો માટે સહાયતા. વિદેશથી આવેલા લોકો કે જેઓ લાભો પ્રાપ્ત કરવા લાયક નથી ઠરતા અને ઘરવિહોણા છે પરંતુ તેઓ લુટનમાં 'સાધારણ રીતે નિવાસી' છે તેવા લોકો માટે સલાહ, માર્ગદર્શન અને મર્યાદિત સહાય
- વાલીઓને સુરક્ષિત વાતાવરણમાં તેમના વાલીપણાના કૌશલ્યનું નિર્માણ કરવામાં મદદરૂપ થવા નિરીક્ષણકૃત સંપર્ક દ્વારા સલાહ અને માર્ગદર્શન
- ટ્રોમા વિશે માહિતગાર પ્રેક્ટિસ અને મોટિવેશનલ ઈન્ટરવ્યુઈંગ એ સામ-સામે અથવા ગ્રુપ સત્રો દ્વારા સહાયતા ધરાવનારા તમામ પરિવારજનો માટે તેને પૂરી પાડવા માટેનો અમારો અભિગમ રહેશે
- યુવા લોકોના પરિવારથી પર જઈને નોંધપાત્ર નુકસાનના તેમના અનુભવોને સમજવા અને તેને પ્રત્યુત્તર આપવાનો અમારો અભિગમ જ સંદર્ભિક રક્ષણ પૂરું પાડવાનો છે

- લંડન રોડ જટિલ આરોગ્યની જરૂરિયાતો ધરાવતા યુવા લોકો માટે ટૂંકા બ્રેક્સ પૂરા પાડવાનું ચાલુ રાખશે.

- સામ-સામે અને ગ્રુપ સત્ર દ્વારા ફ્રેશ સ્ટાર્ટ સહાય પૂરી પડાશે

- SEND દ્વારા બાળકો અને યુવા લોકો તથા તેમના પરિવારોને સહાય પૂરી પડાય છે

અમારો બે મુખ્ય ફેમિલી રિસોર્સ હબ ધરાવવાનો પ્રસ્તાવ છે, જેની પસંદગી જરૂરિયાતો, અનુકૂળતા નિર્માણ અને પહોંચી શકાય તેવા સ્થળોના આધારે કરાય છે, તેમાં સામેલ છે:

1. મેનર કોન્ટેક્ટ સેન્ટર (Manor Contact Centre), Chase Street, Luton LU1 3QZ
2. લીગ્રેવ એરિયામાં (Leagrave Area), જેમાં સાઈટની હવે સંમતિ થશે

જેમાં બે આઉટરીચ બેઝ હશે:

1. લંડન રોડ રિસોર્સ સેન્ટર (London Road Resource Centre), 111 London Road, Luton, LU1 3RH
2. બીચ હિલ ચિલ્ડ્રન્સ સેન્ટર (Beech Hill Children's Centre), Dunstable Road, Luton LU4 8BW

દરેક હબ બે સંકુલમાં સેવાઓ પૂરી પાડશે.

**શું અસર થઈ?**

અમારા પ્રસ્તાવે એ સુનિશ્ચિત કરવું પડે કે, સહાય પ્રાપ્ત કરનારા લોકો એવી સહાય પૂરી પાડશે કે જે તેમની જરૂરિયાતો મુજબ ઘડાઈ હોય. અમે સ્ટે એન્ડ પ્લે જેવી તમામ યુનિવર્સલ પ્રવૃત્તિઓ તથા અન્ય સેવાઓ ધીરેધીરે ઘટાડીશું જે નીચે જુઓ* ઉપલબ્ધતા શરૂ થશે ફેબ્રુઆરી 2021માં અને તમામ ડિલિવરી બંધ કરાશે 30મી એપ્રિલ 2021થી. એનએચએસ (NHS) જેવા અમારા ભાગીદારો સાથે કામ કરતી વેળાએ, સામુદાયિક આરોગ્ય સેવાઓ, સ્કૂલ, નર્સરી અને સમુદાયની અંદર સ્વૈચ્છિક ક્ષેત્ર દ્વારા એ તકો શોધાશે કે કેવી રીતે આપણે તેમના દ્વારા ઓફર કરાતી સેહાય થકી આપણી સૂચિત નવી સેવામાં જોડાઈ શકીએ.

આપણે હવેથી નીચેના સ્થળોએ ચિલ્ડ્રન્સ સેન્ટર સંકુલમાંથી કોઈ પણ ચિલ્ડ્રન્સ સેન્ટર સેવાઓ પૂરી પાડીશું નહીઃ

- ફ્લાઈંગ સ્ટાર્ટ સેન્ટ્રલ ચિલ્ડ્રન્સ સેન્ટર (Flying Start Central Children's Centre): (ડેનબાઈ (Denbigh), સ્ટોપ્સ્લી બેપ્ટિસ્ટ ચર્ચ (Stopsley Baptist Church))
- ફ્લાઈંગ સ્ટાર્ટ નોર્થ ચિલ્ડ્રન્સ સેન્ટર (Flying Start North Children's Centre): (લિમ્બરી (Limbury), રેડગ્રેવ સીવાયપી (Redgrave CYP), ગિલ બ્લોઅર્સ નર્સરી લિબેંક (Gill Blowers Nursery Leabank))
- ફ્લાઈંગ સ્ટાર્ટ સાઉથ ચિલ્ડ્રન્સ સેન્ટર (Flying Start South Children's Centre): (પાર્ક ટાઉન (Park Town), વિપરલી (Whipperley), ધ મોલ (The Mall))
- ફ્લાઈંગ સ્ટાર્ટ વેસ્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર (Flying Start West Children's Centre) : (ડેલો (Dallow), પાસ્ટરસ વે નર્સરી (Pastures Way Nursery), ફોક્સડેલ (Foxdell), બીચવુડ (Beechwood), મોસડેલ કોર્ટ (Mossdale Court), લીગ્રેવ (Leagrave), ચોલ એન્ડ કોમ્યુનિટી સેન્ટર (Chaul End Community Centre))

વર્તમાન ફ્લાઈંગ સ્ટાર્ટ ડિલિવરી સાઈટ્સ દર્શાવતો નકશો અહીં ઉપલબ્ધ છે
https://www.flyingstartluton.com/wp-content/uploads/2018/08/Flying-Start-May-2018-Revision.pdf

જો કે, અમે એ સુનિશ્ચિત કરવાની તકો શોધતા રહીશું કે મકાનનો ઉપયોગ બાળકો, યુવા લોકો અને પરિવારોને સહાય આપવા માટે ચાલુ રહે.

અમે તમારા મંતવ્યો જાણવા માગીએ છીએ કે કેવી રીતે અમારા પ્રસ્તાવોથી તમને જરૂરી સહાયતા સુધી તમારી પહોંચને અસર થશે. અમે ત્યારબાદ તમારા મંતવ્યોનો ઉપયોગ કરીને નવું મોડેલ તૈયાર કરવામાં અમારી મદદમાં લઈશું.

*સૂચિત યુનિવર્સલ સર્વિસીઝ કે જેનો 30 એપ્રિલ 2021ના રોજ અંત આવશે

પ્રેગ્નેન્સી ક્લબ, બમ્પ ટુ બેબ એન્ટિનેટલ એજ્યુકેશન, ફીડીંગ યોર ન્યૂ બોર્ન, બ્રેસ્ટ ફિડિંગ કાફે, ડેક 5 કાફે, બેબી મસાજ, બેબી ટોક, સ્ટે એન્ડ પ્લે, મેસી પ્લે, સિંગ એન્ડ સાઈન, પેરેન્ટિંગ પઝલ કોર્સિસ, નર્ચરિંગ પ્રોગ્રામ કોર્સિસ, હેન્રી કોર્સિસ (તંદુરસ્ત જીવનશૈલી, ભોજન અને પોષણ), અન્ય આરોગ્ય સંબંધિત સેવાઓ કે જેને ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન સેન્ટર સાઈટ્સમાં જાળવી રખાઈ છે.

# લુટન (Luton)

## ચિલ્ડ્રન્સ સેન્ટર્સ રિડિઝાઈન કન્સલ્ટન્સી સર્વે

### ઓવરવ્યુ

અમારે કેટલાક આકરા નિર્ણયો કરવા પડ્યા છે.

કોવિડ-19 કટોકટી કે જેની સમગ્ર કાઉન્સિલની સેવાઓ માટે ઉપલબ્ધ ફન્ડિંગ પર અસર પડી છે અને તેનો અર્થ એ થયો કે ચિલ્ડ્રન્સ સર્વિસીઝે ઈમરજન્સી બજેટને સહાયભૂત થવા £3.2 મિલિયનની બચત કરવી પડી છે.

લુટન્સ ચિલ્ડ્રન ફેમિલીઝ એન્ડ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ લુટન 2040 પરત્વે કાર્યરત રહેવા કટિબદ્ધ છે. અમારું માનવું છે કે બધા બાળકોને તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવા અને ગુણવત્તાસભર જીવન પ્રાપ્ત કરવાનો અધિકાર છે. આ કારણે એ જરૂરી છે કે આપણે જે નાણાં ખર્ચીએ અને જે સંસાધન ઉપલબ્ધ હોય તેનો આપણા સમુદાયમાંના સૌથી નબળા લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા અત્યંત અસરકારક રીતે ઉપયોગમાં લેવાય.

### શા માટે આપણે પરામર્શ કરી રહ્યા છીએ

અમારા પ્રસ્તાવથી આપણા ચિલ્ડ્રન્સ સેન્ટર જે રીતે ચાલે છે તેમાં પરિવર્તન આવશે અને કેવી રીતે અને ક્યાંથી સેવાઓ પૂરી પડાય છે તેમાં ફેરફાર જોવા મળશે. આ પરિવર્તનોને બીડાયેલા પરામર્શ દસ્તાવેજના “અમારા પ્રસ્તાવ” માં અને “શું અસર થઈ?” વિભાગોમાં નિર્ધારિત કરાયા છે.

અમે એવા લોકો પાસેથી વાત સાંભળવા ઉત્સુક છીએ કે જેઓ અમારા ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર્સનો ઉપયોગ કરે છે જેથી સૂચિત ફેરફારોની કોઈ પણ સંભવિત અસરને સમજી શકીએ.

અમે ફરીથી આપણા સમુદાયોની જરૂરિયાતોનું અવલોકન કરીને એક એવી સેવા વિકસાવીશું કે જે આ જરૂરિયાતોને પરિપૂર્ણ કરે અને સુનિશ્ચિત કરીશું કે અતુલ્ય સેવાઓ પૂરી પાડવા જરૂરી નિપૂણતાપૂર્ણ જ્ઞાન અને કૌશલ્ય આપણી પાસે હોય.

અમારા પ્રસ્તાવો અંગે તમારા અભિપ્રાયો સાંભળવા અમે ઉત્સુક છીએ. કૃપા કરીને નીચેના પ્રસ્તાવો વિશે વાંચો અને 20 સપ્ટેમ્બર 2020 પહેલાં ઓનલાઈન સર્વે પૂર્ણ કરો.

**કોવિડ-19ને કારણે કોઈ સન્મુખ બેઠક ઉપલબ્ધ નહીં કરાવાય, જો કે ઓનલાઈન બેઠકો યોજાતી રહેશ જેથી હિતધારકો પ્રસ્તાવો વિશે સાંભળી ને પ્રશ્નો પૂછી શકે.**

**આ કાર્યક્રમ 13 ઓગસ્ટે ઝૂમ એપ પર બપોરે 1થી સાંજે 6.30 વાગ્યા દરમિયાન યોજાવાનું આયોજન છે. હાજર રહેવામાં તમને રસ હોય તો કૃપા કરીને નોંધણી કરાવવા અમને એક ઈમેઈલ મોકલશો.**

અમે લોકોને આ પરામર્શનો ઓનલાઈન પ્રત્યુત્તર આપવા પ્રોત્સાહિત કરીએ છીએ પરંતુ તમે નીચે આપેલા 'રિલેટેડ ડોક્યુમેન્ટ્સ' વિભાગમાંથી સર્વેની કાગળ નકલ ડાઉનલોડ કરી શકશો. વૈકલ્પિક રીતે, કાગળ નકલ ટાઉન હોલ (Town Hall) પર ઉપલબ્ધ હશે અથવા આ પાનાં પરની સંપર્ક વિગતોનો ઉપયોગ કરી અમારો સંપર્ક કરીને મેળવી શકાશે.

# પરિચય

કૃપા કરીને ખાતરી રાખજો કે તમામ પ્રત્યુત્તરોને ગોપનીય રખાશે.

તમને આ પરામર્શ અંગે કોઈ પણ પૃચ્છા હોય તો તમે **PeopleDirectorateSupportUnit@luton.gov.uk** પર ઈમેઈલ લખી શકો છો અથવા તમે 01582 546939 પર તમારી સંપર્ક વિગતો સહિતનો એક વોઈસમેઈલ મેસેજ છોડી શકોશો જેથી અમે તમારો વળતો સંપર્ક કરીશું.

તમે 13મી ઓગસ્ટે ઝૂમ મિટિંગમાં ભાગ લેવા ઈચ્છુક હોવ, તો કૃપા કરીને અમને એક ઈમેઈલ મોકલશો.

કૃપા કરીને તમારી સંપૂર્ણ વિગતો ભરેલી પ્રશ્નાવલિ અમને (ટિકિટ ચોંટાડવાની જરૂર નથી) ફ્રીપોસ્ટ લુટન બરો કાઉન્સિલ (LUTON BOROUGH COUNCIL), આઈએફઆરએસ (IFRS) કન્સલ્ટેશન પર 20મી સપ્ટેમ્બર 2020 પહેલાં પરત મોકલશો.

**1** શું તમે મુખ્યત્વે એક .............. તરીકે આ પરામર્શનો પ્રત્યુત્તર આપી રહ્યા છો?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ વાલી/રખેવાળ ○18થી ઓછી વયની યુવા વ્યક્તિ ○ જાહેર જનતાના સભ્ય
○ આરોગ્ય પ્રતિનિધિ/જીપી ○ સ્કૂલ પ્રતિનિધિ ○ મજૂર મંડળના પ્રતિનિધિ
○ ચિલ્ડ્રન્સ સેન્ટરના સ્ટાફના સભ્ય ○ સ્વૈચ્છિક અને સામુદાયિક ક્ષેત્ર સંગઠન
○ ખાનગી ક્ષેત્રનું સંગઠન ○ પરિષદના સભ્ય/સંસદસભ્ય ○ અન્ય

અન્ય, કૃપા કરીને સ્પષ્ટતા કરો

લાગુ પડતું હોય તો કૃપા કરીને તમારી સંસ્થાનું નામ પૂરું પાડો:

**2** શું તમે સ્પેશિયલ એજ્યુકેશનલ નીડ્સ એન્ડ ડિસએબિલિટીઝવાળું બાળક અથવા બાળકો ધરાવો છો?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ હા ○ ના

જો હા, તો કેટલા બાળક?

## ચિલ્ડ્રન્સ સેન્ટર સર્વિસીઝ

**3** શું તમે છેલ્લા બે વર્ષમાં નીચે ઉલ્લેખ કરાયેલી સેવાઓમાંથી કોઈનો પણ ઉપયોગ કર્યો છે? જો હા તો કૃપા કરીને સંલગ્ન સેવાઓ પર ખરું કરો

*કૃપા કરીને લાગુ પડતી તમામ પર ખરું કરો*

☐ ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન્સ સેન્ટર્સ ☐ વહેલી મદદ ☐ ફ્રેશ સ્ટાર્ટ
☐ મેનર કોન્ટેક્ટ સેન્ટર

## 4 સામાન્ય સંજોગોમાં કેટલી વાર (દા.ત. કોવિડ-19 કટોકટી પહેલાં) તમે લુટનમાં ચિલ્ડ્રન્સ સેન્ટર સર્વિસીઝનો ઉપયોગ કર્યો હતો?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ સપ્તાહમાં 2 અથવા વધુ વખત ○ સપ્તાહમાં એક વખત ○ મહિનામાં કેટલીક વખત
○ મહિનામાં એકવાર ○ મહિનામાં એક કરતા પણ ઓછી વખત ○ મેં કોઈ પણ ચિલ્ડ્રન્સ સેન્ટરનો ઉપયોગ નથી કર્યો

# પ્રસ્તાવો વિશે

## 5 શું તમે માનો છો કે સૂચિત ફેરફારોની તમારી, તમારા પરિવાર અને/અથવા બીજા પર હકારાત્મક કે નકારાત્મ અસરો પડશે?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ એક હકારાત્મક અસર ○ એક નકારાત્મક અસર ○ કોઈ અસર નહીં ○ નથી જાણતો/નિશ્ચિત નથી

કૃપા કરીને સમજાવો:

| |
|---|
| |

# યુનિવર્સલ સર્વિસીઝ

**અમે યુનિવર્સલ પ્રવત્તિઓને* 31મી માર્ચ 2021થી પૂરી પાડવાનું બંધ કરવાનો પ્રસ્તાવ ધરાવીએ છીએ. તેના બદલે અમે અમારા ભાગીદારો સાથે ચર્ચા કરીશું કે કેવી રીતે આમાંની અમુક સેવાઓને તેમના દ્વારા ડિલિવર થઈ શકે.**

* પ્રેગ્નેન્સી ક્લબ, બમ્પ ટુ બેબ એન્ટિનેટલ એજ્યુકેશન, ફીડીંગ યોર ન્યૂ બોર્ન, બ્રેસ્ટ ફિડિંગ કાફે, ડેક 5 કાફે, બેબી મસાજ, બેબી ટોક, સ્ટે એન્ડ પ્લે, મેસી પ્લે, સિંગ એન્ડ સાઈન, પેરેન્ટિંગ પઝલ કોર્સિસ,

નર્ચરિંગ પ્રોગ્રામ કોર્સિસ, હેન્રી કોર્સિસ (તંદુરસ્ત જીવનશૈલી, ભોજન અને પોષણ), અન્ય આરોગ્ય સંબંધિત સેવાઓ કે જેને ફ્લાઈંગ સ્ટાર્ટ ચિલ્ડ્રન સેન્ટર સાઈટ્સમાં જાળવી રખાઈ છે.

**6** તમને કઈ યુનિવર્સલ પ્રવત્તિઓ આવશ્યક લાગે છે અને તેને પ્રાથમિકતામાં ગણવી જોઈએ?

કૃપા કરીને સમજાવો કે કેમ

**7** તમે કોઈ પાર્ટનર એજન્સી છો તો તમને શું લાગે છે કે કેવી રીતે આ ફેરફારોથી તમારી સેવા અને તમે જેને પોષો છો તે પરિવારને અસર થશે?

કૃપા કરીને સમજાવો

## સૌથી વધુ નબળી સ્થિતિના પરિવારોની જરૂરિયાતોને પહોંચી વળવી

**8** શું તમને લાગે છે કે ઈન્ટિગ્રેટેડ ફેમિલી રિસોર્સ સર્વિસીઝમાં સૂચિત ફેરફારોથી લુટનના સૌથી નબળી સ્થિતિના પરિવારોની જરૂરિયાતોને પહોંચી વળાશે?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ હા ○ ના ○ નથી જાણતો / નિશ્ચિત નથી

કૃપા કરીને સમજાવો:

## સૂચનો અને ટિપ્પણીઓ

**9** જરૂરી બચતને કાઉન્સિલ પ્રાપ્ત કરી શકે તે માટેના વૈકલ્પિક ઉપાયો વિશે શું તમારી પાસે કોઈ સૂચનો છે?

કૃપા કરીને નીચેના ખાનામાં લખો

**10** શું તમારી પાસે લુટન ચિલ્ડ્રન્સ સેન્ટર્સમાં સૂચિત ફેરફારો વિશે કોઈ સૂચનો છે દાખલા તરીકે વૈકલ્પિક વિકલ્પો, શા માટિ કાઉન્સિલે કોઈ ચોક્કસ ચિલ્ડ્રન્સ સેન્ટર ચાલુ રાખવું કે બંધ કરવા વિચારવું જોઈએ અથવા તમે બીજું કાંઈ ઉમેરવા માગતા હોવ?

કૃપા કરીને નીચેના ખાનામાં લખો

## **11** શું તમારી પાસે કોઈ વધુ ટિપ્પણીઓ છે કે કાઉન્સિલે જેનો વિચાર કરવો જોઈએ?

કૃપા કરીને નીચેના ખાનામાં લખો

# તમારા વિશે

'તમારા વિશે' વિભાગમાં તમે જે વિગત પૂરી પાડો છો તેનાથી કાઉન્સિલને પરામર્શનો કોણે પ્રત્યુત્તર આપ્યો છે તેના વિશે વધારાની માહિતી મળે છે અને પરિણામે ફીડબેકના વિશ્લેષણમાં મદદ મળે છે. તમારા ફીડબેકને હંમેશા ગોપનીય રખાય છે અને કોઈ પણ ત્રાહિત પક્ષ સાથે તેની વહેંચણી નહીં કરાય. અમે સુનિશ્ચિત કરીશું કે પરિણામોનું રિપોર્ટિંગ કરતી વેળાએ વ્યક્તિગત ઓળખ સંભવ થઈ શકે નહીં.

## **12** તમારા ઘરનો પોસ્ટકોડ કયો છે? આ પ્રશ્નનો ફક્ત વિશ્લેષણ હેતુ ઉપયોગ કરાશે

કૃપા કરીને તમારો પોસ્ટકોડ એન્ટર કરો

## **13** તમારી જાતિ કઈ છે?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ પુરુષ ○ મહિલા ○ અન્ય

## 14 શું તમે હાલ ગર્ભવતી છો અથવા છેલ્લા છ મહિનામાં તમને બાળક થઈ ચૂક્યું છે?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ હા ○ ના ○ કાંઈ કહેવું નથી

## 15 તમે કઈ વયજૂથમાં આવો છો?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ 18થી ઓછી ○ 18-24 ○ 25-34 ○ 35-44 ○ 45-54 ○ 55-64
○ 65-74 ○ 75-84 ○ 85 અને વધુ ○ કાંઈ કહેવું નથી

## 16 નીચેનામાંથી કયું જૂથ તમને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ શ્વેત - બ્રિટિશ ○ શ્વેત – આઈરિશ ○ શ્વેત – પૂર્વ યુરોપિયન ○ અન્ય શ્વેત
○ મિશ્ર- શ્વેત અને અશ્વેત કેરિબિયન ○ મિશ્ર – શ્વેત અને અશ્વેત આફ્રિકન
○ મિશ્ર – શ્વેત અને એશિયન ○ અન્ય મિશ્ર ○ એશિયન/એશિયન બ્રિટિશ - ભારતીય
○ એશિયન/એશિયન બ્રિટિશ - કાશ્મીરી ○ એશિયન/એશિયન બ્રિટિશ - પાકિસ્તાની
○ એશિયન/એશિયન બ્રિટિશ - બાંગ્લાદેશી ○ અન્ય એશિયન
○ અશ્વેત/અશ્વેત બ્રિટિશ - કેરિબિયન ○ અશ્વેત/અશ્વેત બ્રિટિશ - આફ્રિકન ○ અશ્વેત અન્ય
○ ચાઈનીઝ ○ અન્ય

## 17 શું તમને વિકલાંગતા છે/અથવા હોવા તરીકે વર્ગીકૃત કરાયા છે?

*કૃપા કરીને ફક્ત એક આઈટમ પસંદ કરો*

○ હા ○ ના ○ કાંઈ કહેવું નથી

આપના ફીડબેક બદલ આપનો ધન્યવાદ